ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*વિકાસ લક્ષ્યમાં નથી, ચૂંટણી પર નજર છે,*
*સત્તા પર કોઈ સગું નથી, હાથમાં ખંજર છે,*
*કદર નથી કોઈની, હોમાઈ જાય મત માટે -*
*મૂલ્યો - નિષ્ઠા-સંગઠન-સંપ માટે, આ ડેન્જર છે*

હાઈકુ

*ભજવે ભાગ*
*'સમાજ' અને ધર્મ*
*'લોક' શાહીમાં*

*ઝડપ્યું બીડું*
*શ્રી ભૂપેન્દ્ર પટેલ -*
*રાજાના રાજા*

### ચિંતન

*સ્થિતાપિ શીર્યતે નિત્યં પોષકાભાવતો મમ ।*
*ખિન્નં ચ જાયતે ચિત્તં વાર્તાશ્રવણોઽન્યથા ॥*

ઉપરોક્ત શ્લોક બૃહદ્ શિક્ષાપત્રમાંથી લેવામાં આવેલ છે.

મારી બુદ્ધિ સ્થિત છે તો પણ આ પોષણ આપનારાના અભાવમાં એ બુદ્ધિ ભાવ શિથિલ થઈ જાય છે. અન્યથા વાર્તાનું શ્રવણ કરીને ચિત્ત ખેદયુક્ત થાય છે.

ભાવ વૃદ્ધ થાય એ તો પરમ દુર્લભ છે. પણ વદારે ખેદદાયક તો એ છે કે કંઈ ભાવ હૃદયમાં સ્થિતિ છે પણ પ્રતિદિન ક્ષીણ થતો જાય છે. કારણ કે પોષકના અભાવમાં ભગવદીયને મેળાપ થાય તો ભાગને પોષણ મળે, ભગવદ્ભાવ વૃદ્ધિ પામે, સત્સંગ વિના ભાવ શિથિલ થાય છે. લૌકિક મનુષ્યોનો સંગ આવી મળે છે. લૌકિક વાર્તા કહેવી પડે છે. આ પ્રકારે કર્ણમાં ભગવદ્વાર્તા - પ્રવેશ કરવાને બદલે લૌકિક શ્રવણ - અહર્નિશ થયા કરે છે તેથી મનમાં ખેદ થાય છે.

### સુવિચાર

- મરચાની કોઈ ઋતુ હોતી નથી, સાચું બોલીએ ત્યારે બધાને લાગે જ - **મહેન્દ્ર દલાલ**
- પરવાહ, આદર ઔર થોડા સમય યહી વો દૌલત હૈ,
  જો અકસર હમારે અપને હમસે ચાહતેં હૈં - **અશ્વિની જોષી**
- માણસને પરિસ્થિતિ કરતા વિચારોનો થાક વધારે લાગે છે - **બોધિવૃક્ષ**
- જે સારામાં સારું તાકી શકતો હોય તે કોઈ વાર નિશાન ચૂકે પણ કરો,
  પરંતુ જે તાકે જ નહીં તે તો કદી વીંધે જ નહીં - **ડેવિડ ફિધામ**
- રિશ્તેં ઔર પતંગ જિતની ઊંચાઈઓ પર હોતે હૈ,
  કાટને વાલોં કી સંખ્યા ઉતની અધિક હોતી હૈ! - **અરવિંદ નાયક**
- વતન પ્રેમ એ ઈમાનનો જ એક ભાગ છે - **હદીસ બોધ**
- આજનું ઔષધ : સિંધવ મીઠું અઢીગ્રામ ગાયના ઘી સાથે સાત દિવસ ખાવાથી વધરાવળ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કૌશલ નગરીના રાજા શૂરસેનને સમાચાર મળ્યા કે તેમના મોકલેલી સૈન્યનો યુદ્ધ મોરચે પરાજય થયો છે. શૂરસેનના હાથ-પગ ઢીલા પડી ગયા. મનમાં ઘોર ઉદાસીનતા છવાઈ ગઈ અને ભયભીત બનીને કલ્પના કરવા લાગ્યા કે હવે શત્રુઓ તેમને બંદી બનાવશે અને કેદ કરશે અથવા શિચ્છેદ કરશે.

રાજાને ચિંતન અને હારી ગયેલા જોઈને રાણીએ શૂરસેનને હિંમત આપતાં કહ્યું, 'મહારાજ, તમે માત્ર યુદ્ધમાં હાર્યા છો તમારું સાહસ હજી નથી હાર્યું. તમારી વીરતા હજી અપરાજિત છે અને હજુ શત્રુઓ આપણા નગરથી એકસો માઈલ દૂર છે. હજી તમે હિંમત રાખીને સાહસ કરશો તો ગુમાવેલો પ્રદેશ પણ પાછો મેળવી શકો તેમ છો, તમે સાહસ ગુમાવી બેસશો, તો આપોઆપ રાજય ખોઈ બેસશો. તમારા નામમાં શૌર્ય છે. તો શૂરતા બતાવીને હારેલી બાજી જીત બતાવો.'

રાણીના આવા સાહસભર્યા પ્રેરણાત્મક વચનોની રાજા પર સકારાત્મક અસર થઈ. મનમાં રહેલા ભયને ખંખેરી નાખ્યો. શેષ રહેલી સેના એકત્રિત કરી અને સૈનિકોની વચ્ચે જઈ જુસ્સો જગાડ્યો. રાજાને શત્રુ સેના પર અચાનક હુમલો કર્યો. આ હુમલાને કારણે શત્રુ સેના ગભરાઈ ગઈ અને પરાજિય થઈ.

# સ્વાગતમ્ ભૂપેન્દ્રભાઈ પટેલ

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત જેવા દેશના સૌથી પ્રગતિશીલ રાજયના નવા સુકાની તરીકે બારણું ધોરણ પાસ કરી ડિપ્લોમા એન્જિનિયર બનેલા બિલ્ડર ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલ પર કળશ ઢોળાયો છે. એક રીતે આ ઐતિહાસિક ઘટના છે કારણ કે ભૂપેન્દ્રભાઈ સજ્જન સૌમ્ય કાર્યકર્તા તરીકે ઘાટલોડિયાની આનંદીબેનની ખાલી પડેલી બેઠક પર આનંદીબેનના ખાસ આજ્ઞાંક્તિ તરીકે ટિકિટ મેળવી ગુજરાતમાં સૌથી મોટી માર્જિન સાથે પહેલી જ વાર જીતેલા છે. 'ભૂપેન્દ્ર'નામનો અર્થ જ શ્રેષ્ઠ રાજા અથવા રાજાઓનો રાજા થાય છે. એટલે એમની કુંડળીમાં પણ જન્મજાત રાજયોગ તો હશે જ. એમને મેમનગર નગરપાલિકાના પ્રમુખથી લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ઉપરાંત ઔડાના ચેરમેનનો વહીવટી અનુભવ છે. સામાન્ય શિરસ્તો એવો રહ્યો છે કે મુખ્યમંત્રી જેવા મોટા અને આખા રાજયની જવાબદારીવાળા પદ પર અગાઉ મંત્રીમંડળમાં રહી ચૂકેલા અનુભવી નેતાને લોકપ્રિયતાના આધારે અને ધારાસભ્યોની પસંદગી જાણ્યા પછી તક આપવામાં આવે. નરેન્દ્ર મોદી બારોબાર દિલ્હીથી ઊતરી આવ્યા હતા પરંતુ ગુજરાતમાં ઘેર ઘેર જાણીતા હતા અને સંગઠનમાં કામગીરી કરી ચૂક્યા હતા. ગુજરાતના ભાજપ શાસનકાળ દરમિયાન કેશુભાઈ તો પાર્ટીના સંસ્થાપક નેતા હતા. સુરેશ મહેતા મેરીટના આધારે મુકાયેલા વચગાળાના મુખ્યમંત્રી હતા અને વહીવટ તથા કાયદા કાનૂનના જાણતલ નેતા હતા. નરેન્દ્રભાઈએ મુખ્યમંત્રી પદે હેટ્રિક લગાવ્યા પછી દેશના વડાપ્રધાન પદે આરૂઢ થવા એ પદ છોડ્યું ત્યારે અનુગામી તરીકે મૂકતાં ગયેલા આનંદીબેન કેશુભાઈ તથા નરેન્દ્રભાઈના મંત્રીમંડળમાં સફળતાપૂર્વક મહત્ત્વના વિભાગો સંભાળવાનો વિશાળ અનુભવ ધરાવતાં હતા. છેલ્લે વિજયભાઈ રૂપાણીને મુખ્યમંત્રી પદ બક્ષવા પૂર્વે પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ અને કેબિનેટ મંત્રી બનાવાયા હતા. રાજયસભાના સભ્ય તરીકે પણ સેવાઓ આપી હતી. ભૂપેન્દ્રભાઈ સીધા જ આવા કોઈ કર્મકાંડ વગર મુખ્યમંત્રી પદ મેળવી શકયા છે તે એમના આરાધ્ય દાદા ભગવાનની અને દિલ્હીમાં બેઠેલા બે વરિષ્ઠ નેતાઓની કૃપા જ ગણાય. ડૉ. જીવરાજ મહેતાથી લઈ વિજય રુપાણી સુધીના ગુજરાતના સુકાનીઓ કરતાં એ દષ્ટિએ ભૂપેન્દ્ર પટેલ વધુ ભાગ્યશાળી ગણાવા જોઈએ. ખુદ એમને પણ જાનકીનાથ ભગવાન રામચંદ્રની જેમ કલ્પના નહોતી કે 'સવારે શું થવાનું છે!' પરંતુ નસીબની દેવી રીઝી છે; દાદા ભગવાનની ભક્તિ ફળી છે અને અણધાર્યો રાજયોગ જાગી ઊઠ્યો છે. ભૂપેન્દ્ર પટેલની અટક જરૂર આ રાજયોગને જગાડવામાં અને વિજય રૂપાણીના રાજયોગને ઊંઘાડવામાં મદદરુપ બની છે. સૌથી અગત્યનો મેસેજ એ જાય છે કે લોકશાહીમાં સામાન્યમાં સામાન્ય વ્યક્તિ પણ ઊંચામાં ઊંચા પર સુધી પહોંચી શકે છે. ભારતીય જનતા પાર્ટી એના સામાન્ય કાર્યકર્તાને પણ સર્વોચ્ચ પદે સ્થાપીને લોકશાહીને જ મજબૂત કરી રહી છે. અલબત્ત ભૂપેન્દ્રભાઈ માટે હવે કપરી કસોટી આવી રહી છે. પાર્ટીએ તો એમને મુખ્યમંત્રી બનાવી દઈને ઘોડો છૂટ્ટો મૂકી દીધો છે. પરંતુ શું એમને જે સમાજના પ્રતિનિધિ તરીકે આગળ ધર્યા છે તે ગુજરાતનો પાટીદાર સમાજ સાચા મનથી સ્વીકારશે ? બનવાજોગ છે કે એમને 'પટેલ'ને બદલે માત્ર મોદી-શાહના 'પપેટ' તરીકે ઓળખવામાં આવે. જો કે કસોટી તો મોદી-શાહના નેતૃત્વની પણ થવાની છે. ગુજરાતના નેતાઓ તરીકે એમની દેશભરમાં પ્રતિષ્ઠા ટકી રહે એટલા સારું પ્રજા ભૂપેન્દ્ર પટેલના નામે નહીં પણ મોદીના નામે જ આગામી વિધાનસભામાં ભાજપ તરફી મતદાન કરે એ પૂરી શક્યતા છે. છેલ્લા થોડાક જ મહિનાઓ દરમિયાન કર્ણાટક, ઉત્તરાખંડ અને આસામમાં મુખ્યમંત્રીઓને વારંવાર બદલવા પડ્યા છે એની પાછળ પણ મોદી-શાહના નેતૃત્વની શાખ જળવાઈ રહે એ જ ગણતરી રહેલી છે. નવા મુખ્યમંત્રીશ્રીને એમના શાસનની શરુઆત ટાણે અંતઃકરણની શુભકામનાઓ પાઠવઈએ. જય જય ગરવી ગુજરાત.

# મોરારિ બાપુએ રજૂ કરેલા વિચારો પુસ્તકમાં વાંચીને સત્ય-પ્રેમ-કરુણાના અજવાળા ઝીલ્યા



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'ડેડી, તલગાજરડાથી પ્રસાદ આવ્યો છે...' તલગાજરડાની ભૂમિ સાથેની મારી ચારેક દાયકાની શ્રદ્ધા પામનારી અને સમજનારી દીકરી સ્તુતિએ મને એક બોકસ આપીને કહ્યું. કુરિયરમાં આવેલા એ બોક્સને ખોલ્યું, જોયું તો ચિત્રકુટધામ, તલગાજરડા દ્વારા ત્રણ પુસ્તકો આવ્યા હતા. 'માનસ' હરિકથાના એ ત્રણે પુસ્તકો પર નજર ફેરવી મેં કહ્યું, 'બેટા, આ વૈચારિક પ્રસાદે મારા જેવા ઘણાના વ્યક્તિત્વના પ્રાસાદને શ્રદ્ધા અને વિશ્વાસથી, ભજન અને ભરોસાથી બળ આપ્યું છે ને મુદિતપણું પણ આપ્યું છે.' લોકડાઉન દરમિયાન મોરારિબાપુએ ઘરઆંગણેથી આપેલા વ્યકતવ્યોમાં કોરોના મહામારી સંદર્ભે અનુશાસનની સાંપ્રત વાત તો હતી જ, એથી વધુ એમાં શાશ્વત સંદેશ પણ હતા.

'માનસ' હરિકથાનો સંવાદ મોરારિ બાપુએ રાષ્ટ્રીય અનુષ્ઠાન લોકડાઉનના દિવસોમાં તારીખ ૨૫-૦૩-૨૦૨૦થી તારીખ થી ૨૪-૦૫-૨૦૨૦ દરમિયાન કર્યો હતો. તલગાજરડામાં પોતાને આંગણેથી ત્રિભુવન વટની છાયામાં એમણે પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા જેને આસ્થા ચેનલ તથા યુ ટ્યુબના માધ્યમથી દેશ-વિદેશના સંખ્યાબંધ લોકોએ ઝીલ્યા હતા.

મેં પણ 'માનસ' હરિકથા નિયમિત સાંભળી હતી અને શબ્દોએ સત્સંગનો આનંદ અને મનોબળ પામ્યો હતો. જુન - ૨૦૨૦માં મારી કોલમમાં એ સમયની ભાવસંવેદના વ્યક્ત કરી હતી. આજે એ પુસ્તકના વાંચન બાદ ફરી એકવાર એ વિચારોની ભાવ-સંવેદના અનુભવી રહ્યો છું.

ત્રણ ભાગમાં સંકલિત કરાયેલા આ પુસ્તકના પ્રથમ ભાગમાં ૧૪૪ પાનામાં ૨૦, બીજા ભાગમાં ૧૮૪ પાનામાં ૨૦, અને ત્રીજા ભાગમાં ૨૩૨ પાનામાં ૨૧ દિવસોનો સંવાદ સમાવિષ્ઠ છે.

'માનસ' હરિકથા જે સમયે થઈ એ સમયે વિશ્વભરમાં કોરોના સંક્રમણને કારણે અધિકાંશ લોકોના મનમાં વિષાદ, ચિંતા, ડર, માનસિક અને શારીરિક બિમારીઓ, ભવિષ્ય વિશે પ્રશ્નાર્થ, આર્થિક ભીંસ, માનવીય સંબંધોમાં ઊભી થયેલી તાણ, વગેરે વગેરેની અસર હતી. આજેય એની દૂરોગામી અસરો આપણે જોઈ રહ્યા છીએ.

બાપુના શબ્દો એ સમયે સાંભળ્યા હતા,હવે વાંચ્યા ત્યારે અનુભૂતિ થઈ કે એ વિચારો માત્ર તત્કાલિન ન હતા, જયારે જયારે વાંચીએ - સાંભળીએ ત્યારે સાત્ત્વિકતા, પ્રસન્નતા અને જીવનની સાર્થકતાનો અનુભવ થાય છે. 'માનસ હરિકથા'ના સંપાદક અને ગુજરાતી અનુવાદ કરનાર જાણીતા કવિ નીતિન વડગામાએ લખ્યું છે એમ 'આ સંવાદથી લોકોનો ચૈતસિક વિષાદ પ્રસાદમાં રૂપાંતરિત થઈ ગયો.'

વિષયોનું વૈવિધ્ય, ગુજરાતી પ્રાચીન ભજનવાણી અને ઉર્દૂ શાયરી, બુદ્ધ કે મહાવીરથી લઈને ઓશો, બોધકથાઓ અને સત્ય ઘટનાઓ, શ્લોક અને લોકથા.... જેમ જેમ પુસ્તકો વાંચતા જઈએ એમ એમ વાચક સામે શબ્દ દ્વારા ભાવ સમૃદ્ધ અને અર્થપૂર્ણ મેઘધનુષી રંગોનું એક ચિત્ર જગત જાણે રચાતું જાય છે. મનના પ્રશ્નો અને અવલોકનો કે અનુભવોનો સાચી દિશાનો જાણે ઉકેલ મળે છે.

જેટલું વંચાયું એમાં વીતેલા એક-દોઢ વર્ષના જીવનના અનુભવો પણ પ્રતિબિંબિત થાય. અંગત અનુભૂતિની વાત કરું તો મૈત્રી, કરુણા મુદિતા અને ઉપેક્ષાથી પ્રસન્નતાનું પ્રાગટ્ય, શ્રી હનુમાનજીની શરણાગતિ, સંવાદ - સ્વાધ્યાય અને સ્વીકાર, સદ્સાહિત્યની મિત્રતા, અખંડ શ્રદ્ધા અને સાધુ સંગ, ગુરુ-અનુગ્રહ, સાધકની સહજતા, સુખની સમજણ અમંગળને હટાવીને મંગળની સ્થાપના જેવા કેટલાક વિષયો વીતેલા સમયમાં અનુભૂત થયા છે અને એ સમયે સાંભળેલા કે ચાર દાયકામાં કયાંક કયારેક સાંભળેલા શબ્દોએ મને બળ આપ્યું છે, ભાવ જગતની સમૃદ્ધિ આપી છે. મોરારિ બાપુએ રજૂ કરેલા વિચારો પુસ્તકમાં વાંચીને સત્ય - પ્રેમ - કરુણાના અજવાળા ઝીલ્યા છે.

# ચાર આશ્રમ...

(ગતાંકથી આગળ...)

૩. વિદ્યા ભણીને ઘેર આવવું, અને ત્યારપછી પરણવું-ઘર માંડવુ. આ બીજા આશ્રમને ? ગૃહસ્થાશ્રમ' કહે છ. ઘર માંડીને રહેનારે કેવી રીતે રહેવું એ આ આશ્રમના નિયોમાં બતાવેલું હોય છે. ગૃહસ્થાશ્રમ તે પશુઓ પેઠે એક બીજાને ફાડી ખાવા માટે કે ગમે તેમ પેટ ભરવા માટે - શાસ્ત્રકારો કહે છે તેમ ?આહાર મૈથુન અને નિદ્રા' માટે - નથી, પણ સંસારની વચમાં રહીને, સંસારનાં સુખ ભોગવવાં, કર્તવ્યો કરવાં, પોતાના દ્રવ્યથી સર્વનો ઉપકાર કરવો, અને સદા પરમાત્માના સાંનિધ્યમાં રહીને જીવન ગાળવાનું છે એ સમજવું-તે માટે છે. પત્ની, બાળબચ્ચાં, ન્યાયથી સંપાદન કરેલું ધન, અને એ ધનનો લોકોપકાર અતિસત્કાર સ્વજનતર્પણ વગેરે કાર્યમાં ઉપયોગ કરીને હાથ ટાઢો કરવો — એ આ આશ્રમનું ખાસ સુખ છે. અને એ સુખ પરમાત્માની નજર આગળ રહીને જ આપણે ભોગવવાનું છે એ જણાવવા માટે દરેક ઘરમાં ?અગ્નિહોત્ર' રાખવાનો વિધિ છે.

૪. સંસાર ઘણો ભોગવ્યો, માથે પળીઆં આવ્યા, અને છોકરાને ત્યાં છોકરાં થઈ ગયાં-હવે સંસારના પ્રવૃત્તિમય જીવનમાંથી નીકળી વનમાં જઈ પરમાત્માનું ચિંતન કરવું અને શાંત નિવૃત્તિમય જીવન ગાળવું એમ નિશ્ચિત કરી, ગૃહસ્થ વાનપ્રસ્થ આશ્રમમાં પ્રવેશ કરે છે. પરમાત્માના સ્વરૂપ સંબન્ધી ગ્રંતોનું અધ્યયન કરવામાં મચ્યા રહેવું. ટાઢ તડકો વગેરે દ્વન્દ્વ સહન કરવાં, વૃત્તિઓને સંસારમાંથી કાઢી પરમાત્મામાં એકાગ્ર કરવી, પોતાના આશ્રમમાં આશ્રમને શોભતા જે જે પદાર્શો હોય તે વડે અતિથિનો સત્કાર કરવો, અને સર્વ પ્રાણી માત્રમાં અનુકંપા રાખવીઃ આ વાનપ્રસ્થાશ્રમના મુખ્ય ધર્મ છે.

૫. વાનપ્રસ્થાશ્રમમાં હજી દુનિયા સાથે કેટલાક સંબંધ રહે છે : જેમકે એક ઠેકાણે આશ્રમ બાંધીને રહેવુ, પત્ની સાથે આવે તો તેને પણ પરમાત્માના ચિંતનમાં સાથે રાખવી, અતિથિ આવે તો તેનો સત્કાર કરવામાં વ્યાપૃત થવું તથા કેલાંક વ્રત હોમ વગેરે કર્મ પણ કરવાં. પણ વાનપ્રસ્થાશ્રમ પછી જે સંન્યાસાશ્રમ છે, તેમાં તો સઘળાં કર્મનો, અને દુનિયાદારીના સંબંધનો ત્યાગ કરવામાં આવે છે, ભિક્ષા માંગીને જે મળે તે એક વખત ખાઈ લઈને — બ્રહ્મનું ચિંતન કર્યા કરવું, અને એક ગામ શહેર કે વનમાં પડી ન રહેતાં, ફરતા ફરવું, અને પોતાના પવિત્ર જ્ઞાનથી જગતનું કલ્યાણ કરવું — એ સંન્યાસાશ્રમનું જીવન છે. સર્વ કર્મ વા સંબંધનો સારી રીતે ત્યાગ તે ?સંન્યાસ' ?? સં+ન્યાસ) સંન્યાસીએ ભિક્ષાથી નિર્વાહ કરવાનો છે તેથી એને ?ભિક્ષુ' પણ કહે છે. એણે એક ઠેકાણે વાસ કરતાં ફર્યા કરવાનું છે તેથી એ ?પરિવ્રાટ્' કે ?પરિવ્રાજક' પણ કહેવાય છે અને એ વૃત્તિઓને કબજે રાખી પરમાત્માની પ્રાપ્તિ માટે યતનશીલ રહે છે તેથી ?યતિ' (યમ્ વા યત્ ધાતુ ઉપરથી) કહેવાય છે. જેમ હંસ જળ ત્યજી દઈ ક્ષીરનું જ પાન કરે છે, તેમ સંસાર ત્યજીને પરમાત્માની જ દરકાર કરનાર સંન્યાસીના, એમની ઉચ્ચતાના ક્રમ પ્રમાણે, 'હંસ', 'પરમહંસ' વગેરે વર્ગ પાડવામાં આવે છે. આકાશમાં વિચરતા ઉજ્જ્વળ સૂર્યને, અને એમાં પ્રકટ થતા પરમાત્માને વેદમાં હંસની ઉપમા આપી છે, અને તે પરમાત્મા સાથે એકતા સાધનાર યતિ પણ તે જ પ્રમાણે 'હંસ' કહેવાય છે.

૬. મૂળ, વાનપ્રસ્થ અને સંન્યાસના આશ્રમ જુદા નહિ હોય એમ લાગે છે. ગૃહસ્થાશ્રમમાંથી નિવૃત્ત થઈ પરમાત્મચિંતનમાં જીવન ગાળવું એનો એક જ આશ્રમ હશે. પણ એ આશ્રમ સેવનારા જનોમાં કેટલાક પૂર્વાશ્રમ (ગૃહસ્થાશ્રમ)નાં કર્મો તરફ ઢળતા, તો કેટલાક સંસારત્યાગમાં એટલા બધા વધી જતા કે એક સ્થળે રહેવું કે પત્નીસહવર્તમાન રહેવું એ પણ એને પસંદ નહોતુંઃ આ કારણથી એક જ આશ્રમમાં બે છેડાના બે વર્ગો થયા, અને તેના સ્વતન્ત્ર આશ્રમ પડ્યા. એક વનમાં વાસ કરવાનો તે વાનપ્રસ્થાશ્રમ, ને સર્વ કર્મ અને સંબંધ ત્યજી વિચર્યા કરવાનો તે સંન્યાસાશ્રમ.

૭. સંસ્કારના વિષયને અંગે આપણે જોયું તેમ — પૂર્વે સ્ત્રીઓ પણ બ્રહ્મવાદિની થતી, અર્થાત્ બ્રહ્મચર્યમાં જ સમસ્ત જીવન ગાળતી. તથા પુરુષ — સંન્યાસીઓની પેઠે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરતી. પણ જતે દહાડે વિષયી અને લુટારુ જનોથી ભરપૂર જગત્માં અબળા સ્ત્રીઓને માટે આ જાતનું જીવન કઠણ થઈ પડ્યું, અને તેથઈ એમને માટે આ આશ્રમો બંધ થઈ જઈ માત્ર ગૃહસ્થાશ્રમ જ રહ્યો.



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

સંદર્ભ

(૧) ચાર આશ્રમઃ બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને પરિવ્રાજક (સંન્યાસી)

(૨) બહ્મચારીએ આચાર્યની સેવા કરવી — એનું (આચાર્યનું) શરીર છૂટતાં સુધી. આચાર્યના મરી ગયા પછી એને અગ્નિની સેવા કરવીઃ અગ્નિ તારો આચાર્ય છે' એવી (બ્રાહ્મણ) શ્રુતિ છે. વાણી ઉપર સંયમ રાખી ચોથે છઠ્ઠે આઠમે કાળે ભોજન કરવું. ભિક્ષા કરવી, ગુરુને આધીન રહીને. જટા વા શિખામાત્ર જટા ધારણ કરવી. ગુરુ જાય તો પાછળ જવું, બેસે તો ઉભા રહેવું, સૂરે તો બેસવું-એ રીતે એને સેવા કરવી, બોલવે ત્યારે આવીને અધ્યયન કરવું. જે કાંઈ મળ્યું હોય તે ગુરુને સમર્પીને એની રજા લઈને ખાવું. ખટવાજશયન (ખાટલે સૂવું), દન્તધાવન, પ્રક્ષાલન, અંજન, અભ્યંજન (શરીરે સુગંધિ દ્રવ્ય લગાડવાં), ઉપાનદ્ (જોડા) અને છત્રી — એટલાં ત્યજવાં.

(૩) નૃત્ય-નાટક ન જોવાં, સભા (દ્યૂતસભા) સમાજ (લોક મેળાવડા)માં ન જવું; લોકના ગપાટામાં ભાગ ન લેવા; એકાન્ત વૃત્તિ રાખવી. ગુરુ ઉલટે માર્ગે ચાલે તો પણ પોતે એવાં પાપકર્મ ન કરવાં. સ્ત્રી સાથે કાર્ય પૂરતું બોલું. કોમળ, શાન્ત, દાંત, શરમાળ (ખોટું કૃત્યુ કરતાં શરમાય તે), દૃઢ ધૈર્યવાળો, ગ્લાનિ ન પામે (થાકે નહિ) એવો, ક્રોધરહિત અને અસૂયારહિત. સાંઝ સ્હવાર પાણીનો ઘડો ભરી લાવવો. હમેશાં વનમાંથી લાકડાં લઈ આવી નીચે મૂક્વાં.

(૪) પછી (ગૃહદેવતા-પિતૃ) વગેરેને બલિ અર્પ્યા પછી) અતિથિને જમાડવો — તેમાં જે વધારે સારો હોય તે પહેલો એમ ક્રમવાર. ઘરનાં માણસો. કુતરાં, ચાંડાલ, પતિત અને કાગડા — એમને જમીન ઉપર અન્ન આપવું. શૂદ્રને ઉચ્છિષ્ટ વા (વધારે સારું) અનુચ્છિષ્ટ આપવું. બાકી રહે તે પતિપત્નીએ ખાવું.

(૫) ઘેર જે અતિથિ આવે તેને સામે ઊભા થઈને, બેસવા આસન આપીને, મીઠી અને સારી એવી વાણી બોલીને, તથા અસૂયા (દોષદષ્ટિ) રહિત વર્તીને માન આપવું. અને યથશક્તિ અન્નવડે સર્વ પ્રાણીઓનો સત્કાર કરવો.... જેમ ન્હાની મોટી સર્વ નદીઓ સમુદ્રમાં જઈને ઠરે છે, તેમ સર્વ આશ્રમીઓ ગૃહસ્થમાં જઈને ઠરે છે. જેમ માતાનો આશ્રય કરીને સર્વ જન્તુઓ (પ્રાણીમાત્ર) જીવે છે, તેમ ગૃહસ્થનો આશ્રય કરીને સર્વભિક્ષુકો (ભિક્ષાતી નિર્વાહ કરનારા બ્રહ્મચારીઓ અને સંન્યાસીઓ) જીવે છે.

(ક્રમશઃ)

- jayuoza@gmail.com,
Mo.9898046488

# જો દંભી વ્યક્તિ દુર્ગુણી છે તો એમાં ફસાવાવાળો મહામુર્ખ છે



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

પોતાની જાત સાથે મળવાનો ખોફ હોય પણ પરમેશ્વરની વાતો બેખોફ કરતાં હોય એવા લોકો જગતમાં બહુ જોવા મળે છે. દંભ અને કેફને સતત નજર અંદાઝ કરીને રોફ મારતાં લોકો પોતાની જાતને મળતાં હંમેશા ગભરાતા હોય છે. દંભ એક એવો દુર્ગુણ છે કે જેના પરિણામે બીજી નવી દિશાના દરવાજા બંધ થઈ જતાં હોય છે. જે ખરેખર નથી તે બતાવવા માટે મથતાં લોકો જુદા જુદા વિષયો ઉપર થોડો ઘણો અભ્યાસ કરીને પોતાની નિર્થક ચટાકેદાર વાતોની જાળમાં બીજાને આસાનીથી ફસાવી શકે છે. પ્રબુદ્ધો અને બુદ્ધિશાળી લોકો દંભી વ્યક્તિઓની આ માયાજાળને સમજીને એમની વાતોને શાંતચિત્તે



બાયપાસ કરી શકે છે. પાખંડી લોકો સાથેની નાની અમથી નાદાની બહુ મોટી હાની પહોંચાડી શકે છે. નાની અમથી સફળતા મનમાં હવા ભરવા માટેનું કારણ બની જતી હોય છે. આવા સંજોગોમાં વ્યક્તિ પોતાનો અસલી ચહેરો હંમેશાં વિસરી જતો હોય છે. એક શાયરે સરસ વાત કરી છે કે 'ના ઈતરાઓ ઈતના બુલંદીઓ કો છુ કર, વક્ત કે સિકંદર પહેલે ભી કંઈ હુએ હૈ, જહાં હોતે થે કભી શહેનશાહ કે મહલ, દેખે હૈ વહીં આજ ઉનકે મકબરે બને હુએ...દ્ર મીણબત્તી અને અગરબત્તી બન્ને અગ્નિના દ્યોતક છે. પરંતુ બન્નેમાં તાત્વિક ભેદ એટલો જ છે કે, મીણબત્તીને એના ઉજાશનો દંભ અને ઘમંડ છે એટલે એ નાની સરખી પવનની લહેરથી પણ બુજાઈ જાય છે. જ્યારે અગરબત્તી શાનથી સુગંધ પ્રસરાવે જાય છે.

એક ભાઈની રસપ્રદ કહાની છે. આ ભાઈ ઉત્તમ કોટીના વાચક. એમણે દુનિયાભરના મહાન લેખકોના વિવિધ વિષયો પરના પુસ્તકોનો ગહન અભ્યાસ કર્યો હતો. આ ભાઈ પોતાની જાતને ખૂબ જ્ઞાની સમજે. બીજા બધાને એ તુચ્છ ગણે. એમના મનમાં સતત એવો કેફ રહેતો કે હું બધી જ બાબતો જાણું છું. એક વાર આ ભાઈ સમી સાંજે કુદરતી વાતાવરણમાં મોજ કરવા માટે નદી કિનારે ગયા. એમને નદીમાં સહેલ કરવાની ઈચ્છા થઈ. એમણે કિનારે ઊભેલી હોડીના નાવિકને પૂછ્યું કે, 'ભાઈ, તમે મને નદીની સહેલ કરાવી શકો ?દ્ર નાવિકે કહ્યું 'ચોક્કસ. એટલા માટે તો હું અહીં ઊભો છું સાહેબ ?'

આ ભાઈ તો નાવમાં બેસી ગયા. પાણીમાં થોડીક નાવ ચાલી એટલે આ ભાઈ નાવિકને પૂછ્યું, 'તને વિજ્ઞાન વિશે ખ્યાલ છે ?

નાવિકે ભોળા ભાવે કહ્યું 'ના સાહેબ મને બિલકુલ જ્ઞાન નથી.'

ભાઈએ કહ્યું, ' તો મિત્ર તે તારી અડધી જિંદગી ખરાબ કરી દીધી.'

વળી પાછું એમણે પૂછ્યું, 'શું તને ભાષાનું જ્ઞાન છે ?'

નાવિકે ફરી ભોળા ભાવે કહ્યું, 'ના સાહેબ.દ્ર

પેલા ભાઈએ પૂછ્યુ 'તને ઈતિહાસની ખબર છે ?'

નાવિકે કહ્યું 'ના.'

પછી પેલા ભાઈએ નાવિકને કહ્યું, 'ભાઇ, તારી તો આખી જિંદગી તે ખરાબ કરી નાખી.દ્ર મનોમન આ ભાઈ વિચારવા લાગ્યાં કે આ નાવિક મહાસમુરખ છે. એણે એની આખી જિંદગી બગાડી નાખી.

એટલામાં નાવિકે પેલા સહેલાણીને પ્રશ્ન પૂછ્યો, 'સાહેબ, તમને તરતાં આવડે છે ?'

પેલા વ્યક્તિએ સહજતાથી કહ્યું, 'ના ભાઈ, મને તરતાં નથી આવડતું.'

નાવિકે જવાબ આપ્યો, 'તો સાહેબ, તમારું ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, ભાષા વગેરે બધું જ જ્ઞાન નકામું સાબિત થશે. થોડાક આગળ નદીમાં બહુ મોટું વમળ સર્જાતું દેખાય છે. નાવ પાછી પણ વળી નહીં શકે અને મારાથી નાવ સંભાળી પણ નહીં શકાય.' આટલું બોલી નાવિક નાવ છોડીને નદીમાં કૂદી પડ્યો. તરીને કિનારે પહોંચીને વમળમાં ગોથા ખાતી નાવને એ જોઈ રહ્યો.

આ સમગ્ર કાલ્પનીક વાતનું મૂળ તાત્પર્ય એ છે કે, મોટા ભાગે જેને આપણે જ્ઞાન સમજીએ છીએ એ ખરેખર જ્ઞાન નથી જાણકારી છે. જાણકારી કે માહિતીનો દંભ કે ઘમંડ કેટલે અંશે વાજબી છે ? અડધાથી વધારે જિંદગી માહિતી મેળવવામાં અને અભ્યાસ કરવામાં વિતાવીએ અને જો વિનમ્રતા સાથે બીજાને વિગતો વહેંચીને એમનામાં સામર્થ્ય ઊભું કરવાની વાત મનમાં ન ઉગે તો એનો અર્થ જ શું? આખી જિંદગી વાંચી વાંચીને શિખ્યા શું ? બીજાને નીચા પાડવાનું જ જો મહત્વ હોય તો એવા વાંચન અને અભ્યાસનો કોઈ અર્થ સરતો નથી. દંભનો સીધો સંબંધ લોભ, લાલચ અને સ્વાર્થ સાથે હોય છે. પાખંડ કરવાવાળો અને એ પાખંડમાં ફસાવવાવાળો બંને સરખે ભાગે ગુનેગાર છે. બન્ને લોભી અને લાલચી છે. જો દંભી વ્યક્તિ દુર્ગુણી છે તો એમાં ફસાવાવાળો મહામુર્ખ છે.

આજની પેઢીના પાખંડ આગલી પેઢી માટે પરંપરા બની જતો હોય છે. એક વાત તો સ્પષ્ટ છે કે દંભી વ્યક્તિ ક્યારેય માસૂમ નથી હોતો. અ'ને જે વ્યક્તિ માસૂમ હોય છે તે ક્યારેય દંભ નથી કરી શકતો. જગતભરના મહાન વિચારકોના ઉત્તમ વિચારો જાણી લઈએ પણ જ્યાં સુધી આંતરિક દંભનો દૂર્ગુણ નિર્મૂળ ન થાય ત્યાં સુધી 'અજ્ઞાનીદ્રનું ટેગ ખસશે નહીં. અસત્ય, દંભ અને પાખંડની સૌથી મોટી પાઠશાળા પોતાનું ઘર છે. જે ઘરમાં દંભ વગરનું નિર્મળ વાતાવરણ હશે ત્યાં સહજ રીતે જ્ઞાન અને આનંદનો મહાસાગર જોવા મળશે.

નાના મોટા સૌ કોઈને જીવનમાં એવા લોકોનો અનુભવ થયો જ હોય છે કે, જે મોઢા ઉપર સારું બોલે અને ગેરહાજરીમાં કદ પ્રમાણે વેતરી નાખે. પીઠ પાછળ બુરાઈ કરે. આવા લોકો બહુ ખતરનાક પ્રકૃતિના હોય છે. આવા દંભી લોકોથી હંમેશાં સજાગ રહેવાની જરૂર છે. જ્યારે પણ મોં પર સારું બોલનારા પાખંડી લોકોનો સામનો કરવાનો થાય ત્યારે આવા લોકોને મોઢામોઢ અપમાનિત કરી નીચે પાડવાની વ્યર્થ કોશિષ ક્યારેય ન કરવી. આ પ્રકારના લોકોથી પોતાનો માર્ગ અલગ કરી લેવામાં જ શાણપણ છે. દંભી લોકોની નજીક જવામાં આખરે દર્દ તો આપણે જ સહન કરવું પડે. દંભી લોકો માટે જેવા સાથે તેવા થવાની ફિલોસોફી રાખવાથી શત્રુઓની સંખ્યામાં જાણે અજાણે ઈજાફો થવાનો છે. એટલે બને ત્યાં સુધી કોઈના દંભના દુર્ગુણને જવાબ આપીને આપણે આપણી સારાઈ શા માટે છોડવી જોઈએ ? આપણી સારાઈ આપણી સચ્ચાઈ છે. જ્યારે દંભીને જવાબ આપીએ ત્યારે આપણે પણ એ દંભી જેવા દુષ્ટ અને દુરાચારી બની જઈએ છીએ. સર્વસ્વિકૃત એક નિયમ છે કે, કોઈનું ખરાબ બોલી એની નિંદા કોઈના મોઢે કરવી નહીં. જો કોઈ તમારા મોઢે બીજા કોઈનું ખરાબ બોલતા હોય તો એની વાતોમાં આવીને અનુભવ વિના એ વ્યક્તિ માટે ક્યારેય ખરાબ અભિપ્રાય ક્યારેય બાંધવો નહીં. દંભી લોકોના વર્તન અને વાણીમાં આસમાન જમીનનુ અંતર હોય છે.

**ધબકાર :**

**દંભી દુર્જનો સજ્જનો સાથે વેર બાંધવાનું કદાપી ચૂક્યા નથી અને ચૂકશે નહીં.**